**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરની સુંદરતાને બટ્ટો લગાડતી જાહેરમાં ઉજવાતી બર્થ ડે પાર્ટીઓ

## મિત્રો-સ્નેહીજનોના જન્મદિવસની પાર્ટીઓ જાહેર બાગ-બગીચામાં ઉજવવાનો ટ્રેન્ડ પાટનગરની સુંદરતા બગાડે છે : ઉજવણીના ઉન્માદમાં ભાન ભૂલનારાઓ સામે કડક પગલાં લેવાય તેવી માંગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરને ફુલોનું શહેર અથવા બગીચાઓનું નગર તરીકે પણ ઓળખવામાં આવે છે પરંતુ શહેરના બાગ બગીચાઓ સહિતની સુંદરતાને નાગરિકોના બેદરકારીભર્યા વર્તનથી બટ્ટો લાગી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી શહેરના યુવાનો દ્વારા પોતાના મિત્ર કે સ્નેહીજનના જન્મદિવસની ઉજવણી શહેરના જાહેર બાગ બગીચાના સ્થળે કરવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે પરંતુ ઉજવણીના ઉન્માદમાં આ યુવાનો પાટનગરના સુંદર સ્થળોને ગંદકીનું ઘર બનાવતા અચકાતા નથી.

એક તરફ ભારતના વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૧૫૦મા જન્મજયંતિ વર્ષને ગાંધીજીએ આપેલા મહ્ત્વના સંદેશ સ્વચ્છતા સાથે સાંકળી 'સ્વચ્છતા અભિયાન' થકી ઉજવવા આહવાન કરી રહ્યા છે ત્યારે બીજી તરફ ગુજરાત જેવા સભ્ય ગણાતા રાજયની સંસ્કાર નગરી સમા પાટનગરમાં જ યુવાનો સ્વચ્છતાના લીરેલીરાં ઉડાડી રહ્યા છે. સોશ્યલ મિડિયાના આગમન પછી મિત્રો સાથે જન્મદિવસની પાર્ટીમાં ધમાલ મસ્તી કરી તેની તસ્વીરો શે'ર કરવાના ટ્રેન્ડને પગલે યુવા વર્ગમાં પોતાના મિત્ર કે સ્નેહીજનનો જન્મ દિવસ જાહેર બાગ બગીચા જેવા સ્થળોએ ઉજવવાનો શિરસ્તો શરુ થયો છે. આ ઉજવણીમાં યુવાનો કેક કટીંગ કરે, એકબીજાને કેક લગાડે, ઠંડા પીણા-નાસ્તાની જયાફત ઉડાવે, ફુગ્ગા ફોડે, રંગબેરંગી કાગળો-ધુમાડા ઉડાડતા ફટાકડા ફોડે જેવી મસ્તી કરે છે. આ મસ્તીના કારણે જે તે સ્થળે અનેક પ્રકારનો કચરો ફેલાય છે. જેમાં કેક કે આઈસ્ક્રીમના ખાલી ખોખાં અથવા રેપર્સ, ચોકલેટસના રેપર્સ, રંગબેરંગી કાગળના ટુકડાઓ, રીબનો, ફુગ્ગાં, ટોપી વગેરેનો સમાવેશ થાય છે. યુવાઓની બર્થડે પાર્ટી પત્યા પછી તે સ્થળ નર્કાગાર સમું ગંદુ બની જાય છે. આ પ્રકારના દશ્યો શહેરના લગભગ તમામ જાહેર બાગ બગીચાની આસપાસ છાશવારે જોવા મળે છે ત્યારે આ દૂષણને નથવા તંત્રએ કડક હાથે કામ લેવું જોઈએ તેમજ યુવાનોએ પણ પાટનગરની સુંદરતા જળવાઈ રહે તે માટે જવાબદારીપૂર્વક વર્તન કરવું જોઈએ અનો ઉજવણી બાદ કચરો કચરાપેટીને હવાલે કરી સ્થળનો સ્વચ્છ રાખવાની શિસ્ત પણ દાખવવી જોઈએ તેવી નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.





આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. આકરી ગરમીથી મનુષ્યો-પશુ પંખીઓ તો હેરાન પરેશાન છે જ પરંતુ નિર્જીવ ચીજવસ્તુઓને પણ ગરમીની અસર જોવા મળી રહી છે. સેકટર-૧૨ નજીક ગ રોડ પર ડામર ઓગળતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## એસટી ડેપોમાંથી સીઆઈડી ક્રાઈમના પીઆઈના ખીસ્સામાંથી મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના એસ.ટી.ડેપોમાં ગતરોજ સાંજના સુમારે સરખેજની બસમાં બેસવા જતા પોલીસ અધિકારીના ખીસ્સામાંથી પળવારમાં ગઠીયો મોબાઈલની ઉઠાંતરી કરી ગયો હતો. સીઆઈડી ક્રાઈમમાં આર્થિક ગુના નિવારણ શાખામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીને પણ હવે ગઠીયા છોડતા નથી. બનાવ અંગે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે ગઠીયાને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સહયોગ સંકુલ સેકટર-૧૧ ખાતે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં આર્થિક ગુના નિવારણ શાખામાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કૃષ્ણપ્રસાદ વૈષ્ણવ (૫૭) અમદાવાદ ખાતે રહે છે. સોમવારે મોડી સાંજે તેઓ ગાંધીનગર બસ સ્ટેન્ડ ઉપર પ્લેટફોર્મ નંબર-૫ ઉપર બસની રાહ જોતા હતા. આ સમયે સરખેજની બસ આવતા અધિકારી તેમા બેસવા જતા હતા. આ સમયે ભીડનો લાભ લઈને અધિકારીના ખીસ્સામાં પડેલો મોબાઈલ કોઈ ચોર ઈસમ લઈ ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અધિકારીએ પોતાના ૧૦ હજારની કિંમતના મોબાઈલની ચોરી અંગે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## સે-૧૬ અંધશાળા ખાતે પ્રજ્ઞાચક્ષુ સશકિતકરણ અભિયાન યોજાયું




ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સ્થિત અંધશાળા અને દેના બેંક હવે બેંક ઓફ બરોડા ગાંધીનગરના સંયુકત ઉપક્રમે દ્રષ્ટિહીન વ્યકિતઓના બેંક સંબધિત પ્રશ્નો અને એ નિમિતે આરબીઆઈ દ્વારા પ્રસિધ્ધ કરાયેલી માર્ગદર્શીકા પુસ્તિકા પ્રજ્ઞાચક્ષુ સશકિતકરણ અભિયાન અંર્તગર્ત ગુજરાતી બ્રેઈલ પુસ્તિકા અંગે વિગતવાર ચર્ચા અને માર્ગદર્શનનો કાર્યક્રમ સમગ્ર રાજયમાં પ્રથમવાર યોજાયો છે.આ પ્રસંગે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા અને દેનાબેંકના વરિષ્ટ અધિકારી-કર્મચારીઓએ તલસ્પર્શી સમજુતી અને માર્ગદર્શન પુરા પાડવા આ પ્રસંગે અનેક દ્રષ્ટિહીન મિત્રો હાજર રહ્યા હતા. જયારે રજુઆતમા રજુ થયેલી સમસ્યાઓનો તેઓએ સરળ રીતે જવાબ રજુ કર્યા હતા અને જે બાબત આરબીઆઈને સ્પર્શતી હતી તે બાબતોની રજુઆત રિઝર્વબેંકને બંન્ને સંસ્થાઓએ કરવાની રહી બ્રેઈલ લિપી બુકલેટનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ડો. જયંતિભાઈ બી.પટેલ, ઘનશ્યામભાઈ કે.દેસાઈ, એસ કે ભટ્ટ, ભુપેન્દ્ર તિપાઠી, વી.સી.ઉપાધ્યાય, એ.એલ.જેતાવત અનો એફએલસીના પ્રવિણચંદ્ર પંડ્યાનો સમાવેશ થાય છે.

## ગાંધીનગર ચૌધરી સમાજ દ્વારા એક હજાર પક્ષી પરબનું વિતરણ

ગાંધીનગર, તા.૯

ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગાંધીનગરના પક્ષીઓ માટે ગાંધીનગરના પક્ષી પ્રેમી પ્રજાજનોએ એક હજાર જેટલી પક્ષી પરબનું વિતરણ સેકટર-૨૬/૨૭ ચોકડી, સેકટર-૭ શોપીંગ સેન્ટર અને જાહેરમાર્ગો પર ગાંધીનગરના ચૌધરી સમાજ દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ કનુભાઈ ડી. ચૌધરીએ(પ્રમુખ ગ્રુપ) જણાવ્યું છે કે પક્ષીઓ માટે પાણીની સેવાકીય પ્રવૃત્તિ માટે બીજા એક હજાર જેટલા પાણીના કુંડા ન્યુ ગાંધીનગર વિસ્તારના સરગાસણ, કુડાસણ અને રાયસણના રહીશોને ફ્રીમાં આપવામાં આવશે. શ્રી આંજણા(ચૌધરી) સમાજ સેવા મંડળ, ગાંધીનગર દ્વારા છેલ્લા ચાર વર્ષથી ઉનાળાની ગરમી શરૂ થતાં જ ગાંધીનગરના પક્ષીપ્રેમી પ્રજાજનોને બે હજાર જેટલી પક્ષી પરબનું વિતરણ કરવામાં આવે છે. પક્ષી પરબ વિતરણની સેવાકીય પ્રવૃત્તિમાં ચૌધરી સમાજના મહામંત્રી સતીશભાઈ ચૌધરી, ઉપપ્રમુખ રમેશભાઈ ચૌધરી, ભગુભાઈ ચૌધરી સહીત સમાજના હોદ્દેદારો દર વર્ષે કુંડા વિતરણ કાર્યક્રમમાં જોડાઈને ગાંધીનગરના શહેરીજનોને વિતરણ કાર્ય કરે છે.




## ચુંટણી ફરજના ભથ્થામાં વધારો કરવા કર્મચારીઓની માંગ

### રાજય કર્મચારી મહામંડળ દ્વારા ચુંટણી અધિકારીને રજુઆત

ગાંધીનગર, તા.૯

છેલ્લા પાંચ વર્ષમાં મોંઘવારીએ માજા મુકતા નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. મોંઘવારીને પગલે ચુંટણી લડતા ઉમેદવારના ખર્ચમાં પણ રૂ.૩૦ લાખથી વધારી રૂ.૭૦ લાખ મર્યાદા નક્કી કરાઈ છે. ત્યારે અધિકારી-કર્મચારીઓને જુના દરોથી ચુંટણીનું ભથ્થુ આપવામાં આવે છે. જેથી કર્મચારીઓમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે ચુંટણીમાં અધિકારી-કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ ભથ્થુ ચુકવવામાં આવે તે માટે ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા મુખ્ય ચુંટણી અધિકારીને લેખિત રજુઆત કરાઈ છે.

લોકસભાની સામાન્ય ચુંટણી -૨૦૧૯ આગામી તા.૨૩ એપ્રિલના રોજ યોજાનાર છે. રાજય સરકારમાં વિવિધ વિભાગમાં ફરજ બજાવતા સરકારી અધિકારી-કર્મચારીઓને ફરજ બજાવવાના આદેશ થઈ ગયા છે અને તે મુજબ ચુંટણીની ફરજ કર્મચારીઓ બજાવશે. ત્યારે ચુંટણીની ફરજ બજાવતા કર્મચારીઓને સરકારી આદેશ મુજબ જુના દરોથી ભથ્થુ ચુકવણીનો આદેશ થયો છે. આ ચુકવણીના દર વર્ષ ૨૦૦૯ ના પરિપત્રને આધીન નક્કી કરેલા છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૩-૧૪ માં થોડા સુધારેલા દરો જણાવેલા છે. વર્ષ ૨૦૦૯ થી વર્ષ ૨૦૧૬ સુધી અધિકારી-કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબ પગાર અને ભથ્થા મળતા હતા. હાલમાં કર્મચારી-અધિકારીઓને સાતમા પગારપંચ મુજબનો પગાર મળે છે. જેને પગલે અધિકારી-કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષ માં મોંઘવારી વધતા ઉમેદવારના ખર્ચમાં રૂ.૩૦ લાખથી વધારી રૂ.૭૦ લાખ ની મર્યાદા નક્કી કરવામાં આવી છે. જયારે અધિકારી-કર્મચારીઓને જુના ભથ્થાના દરોથી ચુકવણુ થાય છે જે વ્યાજબી નથી. આથી મુખ્ય ચુંટણી અધિકારીને આ અંગે મોંઘવારીને અનુલક્ષી ભથ્થાના દરમાં વધારો કરવા માટે ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા લેખિત રજુઆત કરાઈ છે.

## સે-૨૪ સાંઈબાબા મંદિર પાસેથી અઠંગ ચોરને એલસીબીએ ઝડપ્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ અને ૨૫ માં પોતાના મિત્રો સાથે ઘરફોડ ચોરી કરી તરખાટ મચાવનાર એક શખ્સાને એલસીબી પોલીસે સે-૨૪ સાંઈબાબા મંદિર પાસેથી ચોરીના કુલ રૂ.૧,૩૨,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ હે.કો. કિરીટકુમાર, અ.,પોકો. ભવાનસિંહ, પોકો. સુરેશકુમાર, અપોકો. રાજેન્દ્રસિંહ સાથે ગાંધીનગર ટાઉન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તો દરમિયાન હે.કો.કિરીટકુમારને બાતમી મળી હતી કે સે-૨૧ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં છેલ્લા સાત માસથી નાસતો ફરતો આરોપી કલ્લુસિંગ રણજીતસિંગ સરદાર હાલ રહે.બોરીજ પવનચક્કી પાસે, છાપરામાં તા.જી.ગાંધીનગર મુળ રહે. સાબરમતિ મોટેરા સ્ટેડીયમ સરદારજીની ચાલી અમદાવાદવાળો આજે સે-૨૪ સાંઈબાબા મંદિર પાસે હાજર છે જેથી તેને ત્યાંથી તાત્કાલીક અટકાયત કરી હતી.

પોલીસે આ શખ્સની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેના મિત્રો સરદારજી સાથે મળી આજથી સાતેક માસ પેહલા સેકટર-૨૪ અને ૨૫ ખાતે આવેલા પ્રાઈવેટ મકાનોમાં રાત્રી દરમિયાન ઘરફોડ ચોરી કરી કુલ રૂ. ૧,૩૨,૦૦૦ ના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ શખ્સ અગાઉ પણ ગાંધીનગર જિલ્લા તેમજ અમદાવાદ શહેરમાં ઘરફોડ ચોરીમાં પકડાયેલ હોવાની જણાવ્યું હતું.



## આક્રમક ગરમીથી બચવા ઠંડા..ઠંડા... કુલ...કુલ... રહેવાના ઉપાય

### હીટવેવથી બચવા વધુ પાણી, લીંબુ શરબત અને છાશનું સેવન અનિવાર્ય : ઉઘાડા, વાસી અને ગરમ મસાલાવાળા ખોરાક ન ખાવા તબીબી સલાહ



ગાંધીનગર, તા.૯

અચાનક વાતાવરણ પલટાતા ગરમીનો અનુભવ થોડો વધુ પ્રમાણમાં જ થવા લાગ્યો છે ત્યારે નગરજનો મુશ્કેલીમાં મુકાયા છે. આ કાળઝાળ ગરમીને પહોંચી વળવા બને તેટલું ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આમ તો હજી આ ગરમીની શરૂઆતમાં એટલી આરોગ્ય પર અસરો જોવા મળશે નહી પરંતુ આજે ગરમી ૪૦ ડીગ્રીને પાર અત્યારથી જ પહોંચતા આવનાર દિવસો કપરા બને તેમ લાગી રહ્યું છે.

હાલના દિવસોમાં ઘણ ખરા અંશે જનજીવન પર ગરમીની આડ અસરો જોવા મળી રહી પરંતુ આગામી દિવસોમાં હજુ ગરમી વધુ પડશે ત્યારે લૂ, સનસ્ટ્રોક, ઝાડા ઉલટીની તકલીફ પણ વધશે તેની અત્યારથી કાળજી રાખવી અનિવાર્ય છે. આ અંગે જાણીતા તબીબ ડૉ. બદ્રીશ સંઘવીના જણાવ્યા મુજબ આકરી ગરમીના દિવસોમાં નગરજનોએ વધુ પાણી પીવું જોઈએ. આડા દિવસો કરતા ગરમીની ઋતુમાં અઢીથી ત્રણ લીટર પાણી પીવું અનિવાર્ય છે. જેમાં ફ્રીઝ કરતા માટલાનું પાણી વધારે પીવું જોઈએ. ડી હાઈડ્રેશન, લૂ, સનસ્ટ્રોક સહિતની ગરમીની વિપરીત અસરોથી બચવા આકરા તાપમાં બહાર નીકળવાનું ટાળવું જોઈએ આ ઉપરાંત ગરમ મસાલા વાળા તીખા અને વધુ તળેલા ખોરાક પણ ન ખાવા જોઈએ. શરીરનું તાપમાન જળવાઈ રહે તે મુજબ ફ્રુટસ ખાવા જોઈએ. તડબૂચ, ટેટી, લીંબુ શરબત, તખમરીયાનું શરબત અને છાશનું વિશિષ્ટ સેવન કરવું જોઈએ. આઈસ્ક્રીમ ખાવાથી પણ ઠંડકનો અહેસાસ થાય છે પરંતુ ગરમીથી બચવા કાળી દ્રાક્ષ, વરિયાળીનું શરબત વિશેષ ઠંડક પહોંચાડે છે. ઉનાળાની શરૂઆતથી જ ગરમી આક્રમક બની છે. માર્ચ મહિનાથી જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો હતો અત્યારે હાલ પણ ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. આગામી દિવસોમાં હજુ પણ રેકોર્ડ બ્રેક ગરમી પડશે તેવી સંભાવના છે ત્યારે નગરજનોએ આક્રમક ગરમીથી બચવા તબીબી સાલહ અપનાવવી અનિવાર્ય છે.

## સેકટર-૨૧માં આવતીકાલથી સંગીતમય રામકથાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૯

સેકટર-૨૧ નિગમ પેટ્રોલ પંપ સામે શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિરે સંગીતમય શ્રી રામકથાનો પ્રારંભ આગામી તા. ૧૧મી એપ્રિલથી થઈ રહ્યો છે.

વ્યાસ પીઠાધીશ વકતા કથાકાર યોગી રામદાસજી મહારાજ વ્યાસપીઠે બિરાજીને પોતાની ભાવમય સંગીતમય શૈલીમાં કથામૃતનું રસપાન કરાવશે. ૧૧મીએ સવારે ૧૦ વગે શ્રી પંચદેવ મંદિરેથી પોથીયાત્રા પ્રસ્થાન કરશે અને શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર કથા મંડપે પહોંચશે. ૧૧ થી ૧૯ એપ્રિલ દરમિયાન દરરોજ બપોરે ૩ થી ૬ કથા યોજાશે. દિપ પ્રાગટય અને આર્શીવચન ધર્માચાર્ય પ.પૂ. શ્રી ફૂલશંકર શાસ્ત્રીજી મહારાજ, પ.પૂ.મહંત બાપુશ્રી સંતોષી માતા મંદિર, સેકટર-૨૫ અને પૂ.પૂ.મહંત બાપુશ્રી તથા માતાજી શ્રી ફુલજોગણી માતાજી મંદિર, સે-૨૬ પાઠવશે. સુંદરકાંડ તથા પુજા આરતી તા. ૧૯મી એપ્રિલને હનુમાન જયંતિએ સવારે ૮ થી ૧૨ દરમિયાન યોજાશે. સુંદરકાંડ વ્યાસપીઠ શ્રી કમલેશભાઈ દવે, મણીનગરવાળા ઉપસ્થિત રહેશે. જયારે સાંજે ૫ થી ૧૦ દરમિયાન ભંડારો યોજાશે.

આ અવસરે ઉપસ્થિત રહી રામકથાનો લાભ લેવા શ્રી મહેન્દ્રભાઈ કે. બારોટ અને શ્રી સેતુજી ચેહુજી ચાવડાએ નિમંત્રણ પાઠવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. ઠાકોર ચંચીબેન કાનાજી, ઉ.વ. ૯૦
- સ્વ. નંદલાલ લાખુ મુની, ઉ.વ. ૩૦